| GJAN090001122025 | | દાખલ તા. : ૨૮/૦૧/૨૦૨૫<br>રજી.લીધા તા. : ૨૮/૦૧/૨૦૨૫<br>ફેંસલ તા. : ૦૬/૦૮/૨૦૨૬<br>અવધિ : ૧ વર્ષ ૬ માસ ૯ દિવસ |
|---|---|---|

=====================================

**આંકલાવના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.આંકલાવ**

=====================================

**ફો. કેસ નં.૭૮/૨૦૨૫**
**આંક :–**

**ફરીયાદી : સરકારશ્રી**

**વિરુધ્ધ**

**આરોપી : લક્ષ્મીબેન વા/ઓ રમેશભાઈ રાવજીભાઈ તળપદા**
રહે.ભેટાસી બા ભાગ, વાઘરીવાસ, નાની નહેર પાસે,
તા.આંકલાવ, જી.આણંદ

---

**ગુનો : ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એએ), (બી)(સી) (ડી)(એફ) મુજબ.**

---

**સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.કે.રાવલ**

**આરોપીપક્ષ તરફે : વિ.વ.શ્રી એસ.આર.પરમાર**

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના આરોપી બહેને તા–૦૪/૦૧/૨૦૨૫ ના રોજ કલાક–૧૪/૪૫ વાગ્યે મોજે ભેટાસી બા ભાગ વાઘરીવાસ પાસે વગર પાસ પરમીટે પોતાના ઘર નજીક ખુલ્લી જગ્યામાં દેશી દારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી કરી દેશી દારૂ ગાળી

દેશી દારૂ ગાળવાના ચાલુ ભઠ્ઠીના સાધનો તથા એક પ્લાસ્ટીકના ગેલનમાં આશરે દસ લીટર જેટલો દેશી દારૂ કી.રૂા.૨૦૦૦/- તથા દારૂ ગાળવાનો ગરમ વોશ ૧૦૦ લીટર કિમંત રૂપિયા ૨૫૦૦/- તથા બે પીપમાં દેશી દારૂ ગાળવાનો ઠંડો વોશ ૨૦૦ લીટર કિમંત રૂપીયા ૫૦૦૦/- મળી કુલ્લે કિમંત રૂપિયા ૯૫૦૦/- નો પ્રોહી મુદ્દામાલ પોતાના કબજા ભોગવટામાં પોતાની દેખરેખ હેઠળ રાખી ગુનો કરેલ હોય, ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ-૬૫(એએ), (બી)(સી) (ડી)(એફ) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ કરતા અને જે બજી જતા આરોપી હાજર થયેલ અને બી.એન.એસ.એસ. ની કલમ-૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો આપેલ છે. સદર કામે આંક-૦૬ થી આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીની આંક-૦૭ થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, સદરહું કામના આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવા :-</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ અરવિંદભાઇ કાળીદાસ માળીની જુબાની | ૦૮ |
| ૦૨ | ફરીયાદી અ.પો.કો. જમીરુદ્દીન સમસુદ્દીન કુરેશીની જુબાની | ૧૦ |
| ૦૩ | પંચ સાહેદ રતીલાલ નારણદાસ પરમારની જુબાની | ૧૩ |
| ૦૪ | ત.ક.અ.શ્રી અ.હે.કો. છગનભાઇ સાલમભાઇ ચૌહાણની જુબાની | ૧૪ |

**દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૦૯ |
| ૦૨ | ફરીયાદ | ૧૧ |
| ૦૩ | એફ.એસ.એલ. રવાનગી પત્રક | ૧૫ |
| ૦૪ | એફ.આઈ.આર. | ૧૬ |

(૪) ફરીયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી પરથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ નહિ આવતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ઉભયપક્ષે દલીલો સાંભળવામાં આવી.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**:: મુદ્દા ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી બહેને તા–૦૪/૦૧/૨૦૨૫ ના રોજ કલાક–૧૪/૪૫ વાગ્યે મોજે ભેટાસી બા ભાગ વાઘરીવાસ પાસે વગર પાસ પરમીટે પોતાના ઘર નજીક ખુલ્લી જગ્યામાં દેશી દારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી કરી દેશી દારૂ ગાળી દેશી દારૂ ગાળવાના ચાલુ ભઠ્ઠીના સાધનો તથા એક પ્લાસ્ટીકના ગેલનમાં આશરે દસ લીટર જેટલો દેશી દારૂ કી.રૂા.૨૦૦૦/– તથા દારૂ ગાળવાનો ગરમ વોશ ૧૦૦ લીટર કિમંત રૂપિયા ૨૫૦૦/– તથા બે પીપમાં દેશી દારૂ ગાળવાનો ઠંડો વોશ ૨૦૦ લીટર કિમંત રૂપીયા ૫૦૦૦/– મળી કુલ્લે કિમંત રૂપિયા ૯૫૦૦/– નો પ્રોહી મુદ્દામાલ પોતાના કબજા ભોગવટામાં પોતાની દેખરેખ હેઠળ રાખી ગુનો કરી ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની

કલમ–૬૫(એએ), (બી)(સી)(ડી)(એફ) મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

➢ **<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>**

(૭) ફરીયાદ પક્ષે મુદ્દામાલ કબજે કરેલાનું પંચનામું આંક–૦૯ થી રજૂ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ અરવિંદભાઈ કાળીદાસ માળીને આંક–૦૮ થી તથા પંચ સાહેદ રતીલાલ નારણદાસ પરમારને આંક–૧૩ થી તપાસેલા છે. સદર પંચ સાહેદોની જુબાની વંચાણે લેતાં તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવે છે. પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ માહિતી ન હોવાનું ફલિત થાય છે. સદર પંચસાહેદો ફરી ગયેલા છે અને વિ.એ.પી.પી.શ્રીની વધુ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી જુબાનીઓ આપતા નથી. આ સંજોગોમાં પંચનામાની વિગતો પુરવાર થતી ન હોય મુદ્દામાલ આરોપીના કબજામાંથી મળી આવ્યાની હકીકત શંકાસ્પદ બને છે, જેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૮) ફરીયાદપક્ષે ફરીયાદી અ.પો.કો. જમીરુદ્દીન સમસુદ્દીન કુરેશીનાઓને આંક–૧૦ થી તપાસી આંક–૧૧ થી ફરીયાદ રજૂ કરેલ છે, જ્યારે ત.ક.અ. શ્રી અ.હે.કો. છગનભાઈ સાલમભાઈ ચૌહાણ નાઓને આંક–૧૩ થી તપાસી આંક–૧૪ થી રવાનગી પત્રક તથા આંક–૧૫ થી એફ.આઈ.આર. રજુ કરવામાં આવેલ છે. અત્રે એ નોંધ લેવી ઘટે છે કે, હાલના કામે તપાસનીશ અધિકારીએ પોલીસ સાહેદો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી તેમજ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કારક પુરાવો આપેલ છે, પરંતુ બંને પંચ સાહેદોએ ફરીયાદ પક્ષની તરફેણમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી, પંચ સાહેદોએ

માત્ર પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ, ત.ક.અ.શ્રી ના પુરાવાને બંને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં બનાવવાળી જગ્યાની પરિસ્થિતિ જોતાં સ્વતંત્ર સાહેદો સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તેમ હતા, તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આમ, આ કામે તટસ્થ અને સ્વતંત્ર સાહેદી પુરાવાનો અભાવ છે. સદરહું કામે પોલીસ સાહેદોની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી કોઈ સમર્થન મળેલ નથી તેમજ બંને પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષને લેશમાત્ર સમર્થન મળતુ નથી, એવા સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરીયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી.

(૯) આમ, સદરહું સાહેદોનો પુરાવો લક્ષમાં લેતાં, ફરીયાદપક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યક્તિઓને સાહેદ તરીકે તપાસના કામે તપાસી શક્યા હોત અને તેમ કરવાથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબિત કરી શક્યા હોત, પરંતુ હાલના કામે તેવું કાંઈ કરવામાં આવેલ નથી જે શંકાને સ્થાન આપે છે. આમ, રેકર્ડ ઉપર ઉપલબ્ધ આધારો સાથે સાંકળીને ગુણદોષ ઉપર મુલ્યાંકન કરવામાં આવે તો હાલના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવી દારૂનો કોઈ જથ્થો કે દારૂ ગાળવાનો કોઈ વોશ મળી આવ્યો હોય તેવી હકીકત ફરિયાદપક્ષના સ્વતંત્ર એવા પંચ સાહેદોના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી કે તે દિશામાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા નથી, જે હકીકતો ધ્યાને રાખતાં પ્રોસીક્યુશન ગુજરાત પ્રોહી. એકટની કલમ-૬૫(એએ), (બી)(સી)(ડી)(એફ) મુજબનો આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરી શકેલ નથી. સદર કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદપક્ષના કેસમાં ઘણી ક્ષતીઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે.

(૧૦) ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૦૪ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે

તમામ હકીકતો, સંજોગો તથા રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનું તથા ક્રિમીનલ જયુરીસ્પુડન્સના સિધ્ધાંત મુજબ મળવા પાત્ર શંકાનો લાભમેળવવા આરોપી હકદાર થતા હોવાનું અત્રેની અદાલતનું નમપણે માનવું છે. જેથી તેનો લાભ આરોપીને મળવા પાત્ર હોય, ઉપરોકત મુદ્દા નં.૧ નો જવાબ 'નકાર' માં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી લક્ષ્મીબેન વા/ઓ રમેશભાઈ રાવજીભાઈ તળપદ, રહે.ભેટાસી બા ભાગ, વાઘરીવાસ, નાની નહેર પાસે, તા.આંકલાવ, જી.આણંદ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એએ), (બી)(સી)(ડી)(એફ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ, આજરોજ તારીખ : ૦૬, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૮/૨૦૨૬
સ્થળ : આંકલાવ

**(એ.બી.સિંઘવી)**
જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આંકલાવ
જજ કોડ જી.જે.૦૧૫૮૬

(M.M.Pathan)
Stenographer